**GUJARAT BILL NO. 8 OF 2024.**

# THE DHIRUBHAI AMBANI INSTITUTE OF INFORMATIN AND COMMUNICATION TECHNOLOGY (AMENDMENT) BILL, 2024.

***A BILL***

*Further to amend the Dhirubhai Ambani Institute of Information and Communication Technology Act, 2003.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૮ .**

**ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૨૪.**

**ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦03 વધુ સુધારવા બાબત વિધેયક,**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**સન ૨૦03નો ગુજરાતનો ૬ઠ્ઠો.** **૧.** આ અધિનિયમ ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા.**

**સન ૨૦03નો ગુજરાતનો ૬ઠ્ઠો.** **૨.** ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦03 (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ સંજ્ઞામાં, "ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી" એ શબ્દોને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો. **સન ૨૦03ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની દીર્ઘ સંજ્ઞાનો સુધારો.**

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની ટૂંકી સંજ્ઞાનો સુધારો.**

**3.** મુખ્ય અધિનિયમમાં, ટૂંકી સંજ્ઞામાં, "ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી" એ શબ્દોને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨-નો સુધારો.**

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨-માં,-

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (ચ)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

"(ચ) "નિયામકો" એટલે કલમ ૧૯ક હેઠળ નીમવામાં આવે તેવા નિયામકો;

(ચચ) "મહાનિયામક" એટલે કલમ ૧૮ હેઠળ નીમાયેલા મહાનિયામક;";

(૩) ખંડ (ટ) કમી કરવો;

(૪) ખંડ (દ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ધ) "યુનિવર્સિટી" એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલી ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી, ગાંધીનગર, ગુજરાત.".

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

**૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩ માં,

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) પેટા-કલમ (૧)માં, "ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી" એ શબ્દોને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૩) પેટા-કલમ (૭)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૭) યુનિવર્સિટીનું કેમ્પસ ગાંધીનગર ખાતે રહેશે.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪ને બદલે, નીચેની કલમ મૂકવી:- સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૪નો સુધારો.

યુનિવર્સિટીના ઉદ્દેશો. "૪. યુનિવર્સિટીના ઉદ્દેશો, વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિત ટેકનોલોજી, એન્જિનિયરીંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્યસંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપિ, પેરા-મેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સમાજ વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેકચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઇન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ (જર્નાલિઝમ), રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત આવતા આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રોનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦-ના આશય અને તે હેઠળ ઘડેલા ઉદ્દેશો અને અગત્યની માર્ગદર્શિકા સાથે સુસંગત રીતે વિકાસ કરવા માટેના રહેશે. યુનિવર્સિટીના ઉદ્દેશો નીચે મુજબ રહેશે:-

(૧) સામાન્ય રીતે સમાજ પર અસરકારક નિદર્શન અને કોર્પોરેટ જીવનના પ્રભાવ દ્વારા અધ્યાપન, સંશોધન, તાલીમ અને વિસ્તરણ પ્રવૃતિઓથી જ્ઞાન અને સમજનો પ્રસાર કરવો, તેનો વિકાસ કરવો અને તેની જાળવણી કરવી;

(૨) વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરીંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્યસંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપિ, પેરા-મેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સમાજ વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેકચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઇન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ (જર્નાલિઝમ), રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત

આવતા આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રોમાં ઉચ્ચ કક્ષાનું જ્ઞાન, શિક્ષણ, તાલીમ અને સંશોધનની સુવિધાઓ પૂરી પાડવા માટે ગુણોત્કર્ષ કેન્દ્રો ઊભા કરવા;

(૩) મલ્ટીમીડિયા સાહિત્યના વિકાસ અને તેના વિતરણ માટે ક્ષમતા ઊભી કરવી;

(૪) પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો, પૂર્વ-સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો તથા ડૉક્ટરલ, પોસ્ટ-ડૉક્ટરલ, રોજગારલક્ષી સ્તરે અથવા કોઇ અન્ય સ્તરે અધ્યાપનની પદ્ધતિઓ વિકસાવવી અને શિક્ષણનું ઉચ્ચ સ્તર નિભાવવું, તેનો ઉપયોગ કરવો તેમજ વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ (ઇજનેરી), ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંતચિકિત્સા), નર્સિંગ, ફિઝિયોથેરપી, પૅરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફૅશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઇન, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/ વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રોને અદ્યતન કરવા માટે ક્ષમતા નિર્માણ કરવી;

(૫) ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, રોજગારલક્ષી શિક્ષણ અને સંલગ્ન ક્ષેત્રોમાં તાલીમની સુવિધાઓ વિકસાવવી તથા તાલીમની વ્યવસ્થા કરવી તેમજ વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંતચિકિત્સા), નર્સિંગ, ફિઝિયોથેરપી, પૅરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફૅશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઇન, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા,

મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/ વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રો-માં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી માટે આંતર-સંબંધો પૂરા પાડવા;

(૬) વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંતચિકિત્સા), નર્સિંગ, ફિઝિયોથેરપી, પૅરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફૅશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઇન, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/ વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રો-માં જ્ઞાન વ્યવસ્થાપન અને ઉદ્યોગસાહસિકતા વિકાસ માટે લર્નીંગ રિસોર્સ સેન્ટર (અધ્યયન સંશોધન કેન્દ્ર) તરીકે કામગીરી કરવી;

(૭) વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ (ઇજનેરી), ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંતચિકિત્સા), નર્સિંગ, ફિઝિયોથેરપી, પૅરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફૅશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઇન, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/ વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રો-ને લગતા ઉચ્ચ, વ્યાવસાયિક અને રોજગારલક્ષી શિક્ષણ-ના ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક ભાગીદારી માટેની વ્યવસ્થા પૂરી પાડવી;

(૮) યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે આર્થિક જરૂરિયાતો સંબંધિત અધ્યાપન, તાલીમ આપવા અને સંશોધન કરવા માટે ઉદ્યોગ સાથે ગાઢ જોડાણ સ્થાપવું;

(૯) પરામર્શ તેમજ સંશોધન અને વિકાસ સેવાઓ પૂરી પાડવી;

(૧૦) વર્તમાન સ્થિતિ મુજબ અને ભવિષ્યમાં વિકાસિત થઇ શકે તેવી અન્ય પદ્ધતિઓ મુજબ ઓનલાઇન અને દૂરવર્તી શિક્ષણની સુવિધાઓ, ઇ-અધ્યયનની સુવિધાઓ ઊભી કરવી;

(૧૧) સંસદ દ્વારા બનાવેલા કોઇ કાયદા હેઠળ તથા નિયામક મંડળ અને/અથવા ભારત સરકાર દ્વારા કરેલા કોઇ વિનિયમો, નિયમો હેઠળ નિયામક મંડળની પરવાનગીને અધીન રહીને, વિદેશમાં સ્થપાયેલા કેન્દ્રો સહિત ગુજરાત રાજ્યની અંદર અથવા રાજ્યની બહાર અભ્યાસ કેન્દ્રો, પરીક્ષા કેન્દ્રો ઊભા કરવા;

(૧૨) યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, યુનિવર્સિટી સુસંગત અને આનુષંગિક ગણે તેવી કોઇ અન્ય પ્રવૃત્તિ કરવી, એસોસિયેશન (મંડળ) બનાવવું, ભાગીદારી કરવી અથવા કોઇ સેવા પૂરી પાડવી.".

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૫-નો સુધારો.

**૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-માં,-

(૧) પેટા-કલમ (૨)માં,"ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જે બે જગ્યાએ આવે છે, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, "ઇન્સ્ટીટ્યુટની" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૬નો સુધારો.

**૮.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-માં,-

(૧) ખંડો (૧) થી (૧૭)માં,"ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) ખંડો (૧૯) થી (૨૭)માં,"ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૩) ખંડો (૨૯) થી (૩૧)માં,"ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૪) ખંડો (૨) થી (૪)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

"(૨) વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપી, પેરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઈન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, ખેતી, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અને અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતર વિદ્યાશાખાકીય ક્ષેત્રોને લગતા જ્ઞાન અથવા અધ્યયનની એવી શાખાઓમાં પ્રશિક્ષણ, તાલીમ, સંશોધનના ઉત્કર્ષ અને પ્રસાર માટેની જોગવાઈ કરવી;

(૩) શિક્ષણ, તાલીમ અને સંશોધનના આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રાપ્ત કરવાના હેતુથી, વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપી, પેરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઈન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, ખેતી, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અને અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતર વિદ્યાશાખાકીય ક્ષેત્રોમાં નવી પદ્ધતિઓ અને ટેકનોલોજીમાં નવીન પ્રયોગો હાથ ધરવા;

(૪) અભ્યાસક્રમો અને પાઠ્યક્રમો ઠરાવવાની અને આંતરવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો, ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (CBCS) અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ હેઠળ ધ્યાનમાં લીધા પ્રમાણેની લાક્ષણિકતાઓ અથવા સુગમતાઓ સહિત

શિક્ષણ પ્રથામાં પરિવર્તનક્ષમતા લાવવાની અને ઈલેક્ટ્રોનિક અને ઓનલાઇન દૂરંતર શિક્ષણની ભવિષ્યમાં વિકસિત કરી શકાય તેવી પ્રશિક્ષણની અન્ય કોઈ પદ્ધતિ સહિત યોગ્ય શિક્ષણશાસ્ત્ર, પ્રશિક્ષણ અથવા તે આપવાની પદ્ધતિઓ ઠરાવવી;

(૫) ખંડ (૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"(૯) વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપી, પેરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઈન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયતવિજ્ઞાન, ખેતી, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અને અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતર વિદ્યાશાખાકીય જુદાં જુદાં ક્ષેત્રોમાં સંશોધન પુરસ્કૃત કરવા અને તે હાથ ધરવા;".

(૬) ખંડ (૧૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"(૧૨) ઇન્સ્ટીટ્યુટના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી સહિતની ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, ઓઇલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપી, પેરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતી શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઈન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયત વિજ્ઞાન, ખેતી, વનસંવર્ધન વિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે અને અન્ય કોઇ ક્ષેત્ર અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત આવતાં આંતર વિદ્યાશાખાકીય ક્ષેત્રોમાંના અને સંલગ્ન ક્ષેત્રોમાંના

અધ્યાપકો, સંશોધકો અને કાર્યક્ષેત્રના નિષ્ણાતો સાથે સંબંધો વિકસાવવાની અને નિભાવવાની;

(૭) હાંસિયાની નોંધમાં, "ઇન્સ્ટીટ્યુટની" એ શબ્દને બદલે, "યુનિવર્સિટીની" એ શબ્દ મૂકવો;

**૯.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં, તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૭નો સુધારો.**

**૧૦.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૮માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં, તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૮નો સુધારો.**

**૧૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં,-

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૯નો સુધારો.**

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં, તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (ક)માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો";

(૩) ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(કક) નિયામકો,".

**૧૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૧)માં,-

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.**

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૩) ખંડ (૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૩-ક) મહાનિયામકે, વારાફરતી નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના બે નિયામકો;'".

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

**૧૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧માં, પેટા-કલમ (૧)માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૨-નો સુધારો.

**૧૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં,-

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) પેટા-કલમ (૨)માં,-

(ક) ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૨) યુનિવર્સિટી ખાતે અભ્યાસક્રમો શરૂ કરવાની;";

(ખ) ખંડ (૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૯) મહાનિયામક, નિયામકો, ડીન અને ડીન સમકક્ષ અધિકારીઓને પોતાની કોઇ સત્તા સોંપવાની; અને"

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

**૧૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪માં,-

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૨) પેટા-કલમ (૧)માં,-

(૧) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (૩)માં, "ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન" એ શબ્દોને બદલે, "વિજ્ઞાન, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સહિત ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, તેલ, ખાણકામ, ઊર્જા, પર્યાવરણ, નિરંતર વિકાસ, તબીબી વિજ્ઞાન, આરોગ્ય સંભાળ, ડેન્ટલ (દંત ચિકિત્સા), નર્સિંગ, ફિઝિઓથેરપી, પેરામેડિકલ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, માનવવિદ્યા, સાહિત્ય, સામાજિક વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સ્થાપત્ય (આર્કિટેક્ચર), શહેરી આયોજન, ફેશન ડિઝાઇનિંગ સહિત ડિઝાઈન, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મીડિયા, ફિલ્મ, નાટક અને મનોરંજન, પત્રકારત્વ, રમતગમત, ડેરી, પશુપાલન, કૃષિ, ખેતી, બાગાયત વિજ્ઞાન, વનસંવર્ધનવિદ્યા, મત્સ્યોદ્યોગ, કૌશલ્ય વિકાસ અને માનવજાતની પ્રગતિ માટે અન્ય કોઈ ક્ષેત્ર

અને/અથવા શૈક્ષણિક વિદ્યાશાખા અને ક્ષેત્રો/વિદ્યાશાખા અંતર્ગત આવતા આંતરવિદ્યાશાખાકીય ક્ષેત્રો" એ શબ્દો અને કૌંસ મૂકવા;

(૩) ખંડ (૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-
"(૩-ક) મહાનિયામકે, વારાફરતી નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના બે નિયામકો;'";

(૪) ખંડ (૪)માં, "વારાફરતી" એ શબ્દને બદલે, "સંબંધિત નિયામકો સાથે વિચારવિનિમય કરીને, વારાફરતી" એ શબ્દો મૂકવા;

(૫) ખંડ (૫)માં, "વારાફરતી" એ શબ્દને બદલે, "સંબંધિત નિયામકો સાથે વિચારવિનિમય કરીને, વારાફરતી" એ શબ્દો મૂકવા.

**૧૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો; **સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૫-નો સુધારો.**

**૧૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા-કલમ (૧)માં,- **સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૬નો સુધારો.**

(૧) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૨) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૩) ખંડ (૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-
"(૨-ક) મહાનિયામકે, વારાફરતી નામનિયુક્ત કરવાના યુનિવર્સિટીના એક નિયામક;'".

**૧૮.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં," ઇન્સ્ટીટ્યુટ "એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી "એ શબ્દ મૂકવો; **સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.**

**૧૯.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮માં,- **સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.**

(૧) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (ધ) કમી કરવો.

(૩) હાંસિયાની નોંધમાં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

**૨૦.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં,-

(૧) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૨) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો;

(૩) હાંસિયાની નોંધમાં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમમાં નવી કલમ ૧૯ક દાખલ કરવા બાબત.

**૨૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

નિયામકો. "૧૯ક. (૧) યુનિવર્સિટીની જુદી-જુદી વિદ્યાશાખાઓ (ફેકલ્ટી) / વિભાગો / સંસ્થાઓ / કેન્દ્રોના નિયામકોની નિમણૂક, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી બોલીઓ અને શરતોએ કરવી જોઈશે.

(૨) નિયામકો, યુનિવર્સિટીના તેમની સંબંધિત વિદ્યાશાખાઓ (ફેકલ્ટી) / વિભાગો / સંસ્થાઓ / કેન્દ્રોનું સંચાલન કરશે અને વિનિયમોથી ઠરાવવામાં આવે અથવા બોર્ડ દ્વારા સોંપવામાં આવે અથવા મહાનિયામક દ્વારા તેમને સોંપવામાં આવે તેવી સત્તાઓ વાપરશે અને તેવા કાર્યો કરશે.

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

**૨૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં, -

(૧) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

(૨) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૧ બદલવા બાબત.

**૨૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧ને બદલે, નીચેની કલમ મૂકવી:-

ડીન. " ૨૧.(૧) મહાનિયામકે, યુનિવર્સિટીના ડીનની નિમણૂક, યુનિવર્સિટીના સંબંધિત ફેકલ્ટી / વિભાગ / સંસ્થા / કેન્દ્રના નિયામક સાથે વિચારવિનિમય કરીને, યુનિવર્સિટીના પ્રમુખની મંજૂરીથી કરવી જોઈશે.

(૨) ડીન, યુનિવર્સિટીના શૈક્ષણિક અને / વિભાગ / સંસ્થા / કેન્દ્રના સંચાલનમાં મહાનિયામક અને સંબંધિત નિયામકને મદદ કરશે અને

વિનિયમોથી ઠરાવવામાં આવે અથવા બોર્ડ દ્વારા સોંપવામાં આવે અથવા યુનિવર્સિટીના મહાનિયામક અથવા તેના સંબંધિત કેમ્પસ / વિદ્યાશાખા(ફેકલ્ટી) / વિભાગ / સંસ્થા / કેન્દ્રના નિયામક/નિયામકો દ્વારા સોંપવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો કરશે.".

**૨૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૨માં, -

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૨-નો સુધારો.**

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) હાંસિયાની નોંધમાં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**૨૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૩નો સુધારો.**

**૨૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં, -

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૪નો સુધારો.**

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) હાંસિયાની નોંધમાં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**૨૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૫માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૫-નો સુધારો.**

**૨૮.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૬નો સુધારો.**

સન ૨૦૦૩ના ગુજરાતના ડક્ષ અધિનિયમની કલમ ૨૭નો સુધારો.

**૨૯.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૩ના ગુજરાતના ડક્ષ અધિનિયમની કલમ ૨૮નો સુધારો.

**30.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૮માં, -

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) હાંસિયાની નોંધમાં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૩ના ગુજરાતના ડક્ષ અધિનિયમની કલમ ૨૯નો સુધારો.

**૩૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૯માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૩ના ગુજરાતના ડક્ષ અધિનિયમની કલમ 30નો સુધારો.

**૩૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ 30માં, -

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) હાંસિયાની નોંધમાં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૩ના ગુજરાતના ડક્ષ અધિનિયમની કલમ ૩૧નો સુધારો.

**33.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧માં, "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૩ના ગુજરાતના ડક્ષ અધિનિયમની કલમ ૩૨-નો સુધારો.

**૩૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૨માં, -

(૧) "ઇન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) પેટા-કલમ (૨)માં, -

(ક) કલમ (૧૭)ને બદલે, નીચેની કલમ મૂકવી:-

"(૧૭) યુનિવર્સિટીના મહાનિયામક, નિયામક, બીજા અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂકોની બોલીઓ અને મુદત, પગાર અને ભથ્થાં, કરાર આધારિત સેવાઓ, શિસ્તવિષયક નિયમો અને તેમની સેવાની બીજી શરતો બાબત;"

(ખ) ખંડ (૧૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૧૯) યુનિવર્સિટીના મહાનિયામક, નિયામકો અને બીજા અધિકારીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સત્તા અને ફરજો;".

**૩૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૩માં,- **સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩૩નો સુધારો.**

(૧) "ઈન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં, તેને બદલે "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

**૩૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪ને બદલે નીચેની કલમ મૂકવી:- **સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩૪ બદલવા બાબત.**

**વચગાળાની જોગવાઇઓ.** "**૩૪.** આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં,-

(૧) નિયામક, પ્રમુખની પૂર્વમંજૂરીથી અને ફંડની ઉપલભ્યતાને અધીન રહીને, આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓ અમલમાં લાવવાના હેતુ માટે, મહાનિયામકના અથવા યુનિવર્સિટીના તમામ કાર્યો અથવા તે પૈકીના કોઇ કાર્ય બજાવી શકશે અને તે હેતુ માટે આવું કોઇ અધિકારીમંડળ આ અધિનિયમ અને વિનિયમોથી જોગવાઇ કરેલી રીતે અસ્તિત્વમાં આવે નહિ ત્યાં સુધી, આ અધિનિયમથી અથવા વિનિયમોથી જે કોઇ સત્તા અથવા ફરજો મહાનિયામક અથવા યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળે વાપરવાની હોય અથવા બજાવવાની હોય તેવી કોઇ સત્તા વાપરી શકશે અથવા તેવી કોઇપણ ફરજ બજાવી શકશે.

**સન ૨૦૨૪નો ગુજરાતનો ૮ મો.** (૨) ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ના આરંભની તરત પહેલાં તે તરીકે કાર્ય કરતું બોર્ડ, આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટી માટે બોર્ડ રચવામાં આવે નહિ ત્યાં સુધી એવી

રીતે કાર્ય કરવાનું ચાલું રાખશે, પણ આ અધિનિયમ હેઠળ બોર્ડની રચના થયે, એવી રચના પહેલાં, હોદ્દો ધરાવતા બોર્ડના સભ્યો હોદ્દો ધરાવતાં બંધ થશે.

(૩) ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ની આરંભની તરત પહેલાં, તે તરીકે કાર્ય કરતી એકેડમિક કાઉન્સિલ, આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટી માટે એકેડેમિક કાઉન્સિલની રચના કરવામાં આવે નહિ ત્યાં સુધી, એવી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે. પરંતુ આ અધિનિયમ હેઠળ એકેડેમિક કાઉન્સિલની રચના થયે, એવી રચના પહેલાં હોદ્દો ધરાવતા એકેડેમિક કાઉન્સિલના સભ્યો હોદ્દો ધરાવતાં બંધ થશે. સન ૨૦૨૪નો ગુજરાતનો ૮ મો.

(૪) ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ની આરંભની તરત પહેલાં, તે તરીકે કાર્ય કરતી નાણા સમિતિ, આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટી માટે નાણા સમિતિની રચના કરવામાં આવે નહિ ત્યાં સુધી એવી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે, પણ આ અધિનિયમ હેઠળ નાણા સમિતિની રચના થયે, એવી રચના પહેલાં, હોદ્દો ધરાવતા નાણા સમિતિના સભ્યો હોદ્દો ધરાવતા બંધ થશે. સન ૨૦૨૪નો ગુજરાતનો ૮ મો.

(૫) આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટીના પ્રથમ વિનિયમો કરવામાં આવે નહિ ત્યાં સુધી, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ના આરંભની તરત પહેલાં, બોર્ડ-એ માન્ય કરેલ ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના વિદ્યમાન નિયમો અને વિનિયમો, તે આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, યુનિવર્સિટીને લાગુ પડવાનું ચાલુ રહેશે.". સન ૨૦૨૪નો ગુજરાતનો ૮ મો.

સન ૨૦૦૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩૫-નો સુધારો.

**૩૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૫-માં,-

(૧) "ઈન્સ્ટીટ્યુટ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે "યુનિવર્સિટી" એ શબ્દ મૂકવો.

(૨) "નિયામક" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી માટેની સંસ્કૃતિ વિકસાવવા અને ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અંગે જાગરૂકતા લાવવા અને ટેકનોલોજી માટે નેશનલ એક્શન પ્લાનની સંરચના અને અમલીકરણમાં સક્રીયપણે સહભાગી થવા માટે ધિરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી અધિનિયમ, ૨003 (સન ૨003ના ગુજરાતના ૬ઠ્ઠા) અધિનિયમ અધિનિયમિત કર્યો છે.

યુનિવર્સિટી, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના ઉદ્દેશ સાથે સુસંગત વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને સંશોધનની તકો પ્રદાન કરવા સક્ષમ બને તે સુનિશ્ચિત કરવાના અને દેશમાં સૌથી પ્રગતિશીલ અને ગતિશીલ રાજ્ય તરીકેના ગુજરાતના દરજ્જાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે અધિનિયમ સુધારવા ધાર્યું છે.

યુનિવર્સિટી જે ક્ષેત્રોમાં કાર્ય કરી શકે તથા શૈક્ષણિક અને સંશોધનને લગતી તકો પ્રદાન કરી શકે તેવા ક્ષેત્રોના વ્યાપને વિસ્તૃત બનાવીને, ઉદ્દેશો અને કાર્યોને લગતી કલમો બદલવી જરૂરી જણાઈ છે. તેથી, "ઈન્સ્ટીટ્યુટ" શબ્દને બદલે "યુનિવર્સિટી" એ શબ્દને મૂકવા; "ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી" એ શબ્દોને કમી કરીને તેને બદલે "યુનિવર્સિટી" શબ્દ મૂકવા ધાર્યું છે. મુખ્ય અધિનિયમના દીર્ઘ સંજ્ઞા, ટૂંકી સંજ્ઞા, કલમ ૨(ક), ૨(ખ), ૨(ઘ), ૨(છ). ૨(જ), ૨(ડ), ૨(ત), ૨(૧), 3, 3(3) થી 3(૭), ૪, ૫(૨), ૬, ૭(૧), ૭(૨), ૮, ૯, ૧૦(૧), ૧૧(૧), ૧૨(૧), ૧૨(૨)(૧), ૧૨(૨)(૪), ૧૨(૨)(૫), ૧૨(૨)(૭), ૧૨(૨)(૧૦), ૧૪, ૧૫, ૧૬(૧), ૧૬(3), ૧૭, ૧૭(૧), ૧૭(૨), ૧૭(3), ૧૯(3), ૨૦, ૨૨, ૨3, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, 30, 3૧, 3૨, 33 અને 3૫-માં પણ સુધારો કરવા ધાર્યું છે.

મુખ્ય અધિનિયમની કલમ ૪, ૬ અને ૧૪ માં સુધારો કરીને સંચાલન, કાયદો, ડિઝાઇન વગેરે સહિતની બહુવિધ વિદ્યાશાખાઓમાં શિક્ષણ, સંશોધન અને તાલીમને આગળ ધપાવી અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ સૂચિત કર્યા પ્રમાણે MERU માં રૂપાંતરીત કરવા માટે યુનિવર્સિટીનો ઉદ્દેશ વિસ્તૃત કરવામાં આવ્યો છે. તેમજ, આંતરવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો/ સંશોધન/ તાલીમ સહિતની શૈક્ષણિક પદ્ધતિ, ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સીસ્ટમ (CBCS) અને અન્ય લાક્ષણિકતાઓમાં પરિવર્તનક્ષમતા લાવવાની અથવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ હેઠળ સૂચિત કર્યા મુજબ પરિવર્તનક્ષમતા લાવવાની જોગવાઈ કરવા માટે તેમજ ઈલેક્ટ્રોનિક અને ઓનલાઈન ડિસ્ટન્સ લર્નિંગ અને ભવિષ્યમાં વિકસી શકે તેવી શિક્ષણની બીજી કોઈ પદ્ધતિ સહિત સમુચિત શિક્ષણકળા, પ્રશિક્ષણ અને શિક્ષણ આપવાની પદ્ધતિ ઠરાવવા આ સુધારો સૂચિત કરવામાં આવ્યો છે.

મુખ્ય અધિનિયમની કલમ ૩(૭)માંના સુધારા મુજબ, યુનિવર્સિટીનું કેમ્પસ ગાંધીનગર ખાતે રહેશે. મુખ્ય અધિનિયમની કલમ ૨(ધ) અને ૧૮ હેઠળ 'મહાનિયામક'નો હોદ્દો બદલવામાં આવ્યો છે. વધુમાં, નિયામકની નિમણૂક માટે મુખ્ય અધિનિયમમાં નવી કલમ ૧૯-ક દાખલ કરવા ધાર્યું છે અને મુખ્ય અધિનિયમની કલમ ૯(ક), ૧૦(૧)(૩), ૧૦(૧)(૪), ૧૪(૧), ૧૪(૩), ૧૪(૪), ૧૪(૫), ૧૬(૧), ૧૬(૩), ૧૮, ૧૯, ૨૦ અને ૩૫ હેઠળ "નિયામક" એ શબ્દને બદલે "મહાનિયામક" એ શબ્દ મૂકવામાં આવ્યો છે. તદ્દુપરાંત, મુખ્ય અધિનિયમની કલમ ૧૨(૨)(૯), ૧૪(૩)(ક), ૧૬(૨)(ક), ૨૧(૧), ૨૧(૨), ૩૨(૨)(૧૭), ૩૨(૨)(૧૯) અને ૩૪ હેઠળ કલમો ઉમેરીને મહાનિયામકની સત્તાઓ નિર્દિષ્ટ કરવામાં આવી છે.

વધુમાં, તેને બહુ-વિદ્યાશાખાકીય સંસ્થા તરીકે વિકસાવવાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને સંચાલન માળખું અપનાવવા માટે મુખ્ય અધિનિયમની કલમ ૩૪માં ફેરફારો કરવામાં આવ્યા છે .

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રફુલ પાનસેરીયા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીની જોગવાઈ કરી છે:-

**કલમ ૨૧.-** (૧) આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૯કની પેટા-કલમ (૧)થી, બોર્ડને જે રીતે અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને યુનિવર્સિટીની જુદી-જુદી વિદ્યાશાખઓ (ફેકલ્ટી)/વિભાગો/સંસ્થાઓ/કેન્દ્રોના નિયામકોની નિમણૂક કરવી જોઇશે તે રીત અને તે બોલીઓ અને શરતો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૯કની પેટા-કલમ (૨)થી, બોર્ડને, નિયામકોએ વાપરવાની સત્તા અને કરવાના કાર્યો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૩.-** આ કલમથી બદલવા ધારેલી કલમ ૨૧ની પેટા-કલમ (૨)થી, બોર્ડને, ડીન દ્વારા વાપરવાની સત્તા અને કરવાના કાર્યો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪.** **પ્રફુલ પાનસેરીયા.**

## પુરવણી

## ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૬-ઠ્ઠા) માંથી ઊતારા.

---

કાયદા દ્વારા ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગુજરાત-ની સ્થાપના કરવાની અને તેમ કરીને તેને યુનિવર્સિટીનો દરજ્જો આપવાની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા બાબત અધિનિયમ. **દીર્ઘ સંજ્ઞા.**

**૧.** આ અધિનિયમ ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- **વ્યાખ્યા.**

(ક) ‘‘એકેડેમિક કાઉન્સિલ" એટલે કલમ ૧૪ હેઠળ રચાયેલ ઇન્સ્ટીટયુટની એકેડેમિક કાઉન્સિલ;

(ખ) ‘‘બોર્ડ" એટલે કલમ ૧૦ હેઠળ રચાયેલ ઇન્સ્ટીટયુટનું સંચાલક મંડળ;

(ગ) ‘‘અધ્યક્ષ" એટલે કલમ ૧૧ હેઠળ નીમાયેલ બોર્ડના અધ્યક્ષ;

(ઘ) ‘‘ડીન" એટલે કલમ ૨૧ હેઠળ રચાયેલ ઇન્સ્ટીટયુટના ડીન;

(ચ) ‘‘નિયામક" એટલે કલમ ૧૮ હેઠળ નીમાયેલ ઇન્સ્ટીટયુટના નિયામક;

(છ) ‘‘એકિઝકયુટિવ રજિસ્ટ્રાર" એટલે કલમ ૨૦ હેઠળ નીમાયેલ ઇન્સ્ટીટયુટના એકિઝકયુટિવ રજિસ્ટ્રાર;

(જ) ‘‘નાણા સમિતિ" એટલે કલમ ૧૬ હેઠળ રચાયેલ ઇન્સ્ટીટયુટની નાણા સમિતિ;

(ઝ) કમી ક છે;

(ટ) ‘‘ઇન્સ્ટીટયુટ " એટલે ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર, ગુજરાત, જે કલમ ૩ હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી હશે;

(ઠ) ‘‘પેટ્રન ટ્રસ્ટી " એટલે ધીરૂભાઈ અંબાણી મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈ-ના પેટ્રન ટ્રસ્ટી;

(ડ) ‘‘પ્રમુખ" એટલે કલમ ૭ હેઠળ નીમાયેલ ઇન્સ્ટીટયુટના પ્રમુખ;

(ઢ) ‘‘ઠરાવેલુ" એટલે વિનિયમોથી ઠરાવેલુ;

(ત) ‘‘વિનિયમો" એટલે કલમ ૩૨ હેઠળ કરેલા ઇન્સ્ટીટયુટના વિનિયમો.

**સન ૧૮૬૦નો ૨૧મો.** (થ) ‘‘મંડળી" એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટર થયેલ ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર;

(૬) ‘‘ટ્રસ્ટ'' એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલ ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર; સન ૧૮૬૦નો ૨૧મો. સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯મો.

યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

**3.** (૧) ‘ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર, ગુજરાત' એ નામની એક યુનિવર્સિટી સ્થપાશે.

(૨) પ્રમુખ, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ, નિયામક, ડીન, એકિઝક્યુટિવ રજિસ્ટ્રાર અને અન્ય તમામ વ્યકિતઓ જે પોતાનો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી તમામ વ્યકિતઓથી, આથી, ‘ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર, ગુજરાત' એ નામનુ સંસ્થાપિત મંડળ રચવામાં આવે છે.

(૩) ઇન્સ્ટીટયુટ, આ અધિનિયમ હેઠળ સ્થપાયેલી, જોડાણ ન કરતી યુનિવર્સિટી તરીકે કામ કરશે અને તેમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમા અને તેની પદવીના પ્રમાણપત્રો એનાયત કરવા માટે બીજી કોઈપણ કોલેજ અથવા સંસ્થાનું જોડાણ કરી શકશે નહિ.

(૪) ઇન્સ્ટીટયુટને, કેન્દ્ર સરકાર, કોઈપણ રાજ્ય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) અથવા કેન્દ્ર સરકારની અથવા કોઈપણ રાજ્ય સરકારના બીજા કોઈપણ સત્તામંડળ અથવા સંસ્થાઓ તરફથી કોઈપણ અનુદાન અથવા બીજી નાણાકીય સહાય મળશે નહિ.

(૫) ઇન્સ્ટીટયુટ ઉપર્યુકત નામ ધરાવતું, શાશ્વત ઉત્તરાધિકાર ધરાવતું અને આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, મિલકત સંપાદિત કરવાની અને ધરાવવાની અને કરાર કરવાની સત્તાવાળું સામાન્ય સીલ ધરાવતુ સંસ્થાપિત મંડળ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૬) ઇન્સ્ટીટયુટના અથવા તેની વિરુદ્ધના તમામ દાવા અને બીજી કાનૂની કાર્યવાહીમાં, નિવેદનમાં એકિઝક્યુટિવ રજિસ્ટ્રારે સહી કરવી જોઈશે અને ખરાઈ કરવી જોઈશે અને આવા દાવા અને કાર્યવાહીમાંની તમામ પ્રક્રિયા એકિઝક્યુટિવ રજિસ્ટ્રારના નામે કાઢવી અને બજાવવી જોઈશે.

(૭) ઇન્સ્ટીટયુટનું મુખ્ય મથક ગાંધીનગર, ગુજરાત ખાતે રહેશે.

ઇન્સ્ટીટયુટના ઉદ્દેશો.

**૪.** ઇન્સ્ટીટયુટના ઉદ્દેશો, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, માટેની સંસ્કૃતિ વિકસાવવાનો અને તેને લગતી જાગૃતિ લાવવાનો અને ઇન્ફર્મેશન ટેકનોલોજી માટે રાષ્ટ્રીય કાર્યયોજના ઘડવામાં અને તેના અમલીકરણમાં સક્રિય રીતે સહભાગી થવાનો છે. ઇન્સ્ટીટયુટના ઉદ્દેશો નીચે મુજબના રહેશેઃ-

(૧) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનના ક્ષેત્રોમાં અદ્યતન શિક્ષણ, તાલીમ અને સંશોધન આપવા માટે ગુણોત્કર્ષ કેન્દ્રો ઉભા કરવા;

(૨) મલ્ટીમિડીયા સાહિત્યના વિકાસ અને તેના વિતરણ માટે ક્ષમતા ઉભી કરવી;

(૩) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના આંતરમાળખાને વૈશ્વિક ધોરણો સુધી લઈ જવા માટેની ક્ષમતા ઉભી કરવી;

(૪) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી શિક્ષણના ઊંચા ધોરણો સ્થાપિત કરવાના અને તેના ઉપયોગના હેતુથી શૈક્ષણિક સિદ્ધિના જુદા જુદા સ્તરે શિક્ષણ અને તાલીમની તરેહ વિકસાવવી;

(૫) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં જાણકારી, વહીવટ અને ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે શિક્ષણ સ્ત્રોત કેન્દ્ર તરીકે કામગીરી કરવી;

(૬) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક ભાગીદારી માટે આંતરસંબંધોની જોગવાઈ કરવી; અને

(૭) ઇન્સ્ટીટયુટ ખાતે, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે આર્થિક જરૂરિયાતો સંબંધી શિક્ષણ, તાલીમ અને સંશોધન આપવા માટે ઉદ્યોગો સાથે ગાઢ સંપર્કો સ્થાપિત કરવા.

**૫.** (૧) xxx xxx xxx

**લિંગ, ધર્મ, વર્ગ, પંચ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.**

(૨) કોઇ વ્યકિતને, ઇન્સ્ટીટયુટમાં અધ્યાપક કે વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઇ હોદ્દો કે જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા ઇન્સ્ટીટયુટનો કોઇ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેના લાભ મેળવવાનો હક તેને મળી શકે તે માટે, યુનિવર્સિટી લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા વ્યવસાય કે રાજકીય અથવા બીજા કોઇ મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

**ઇન્સ્ટીટયુટની સત્તા અને કાર્યો.**

**૬.** આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, ઇન્સ્ટીટયુટ નીચેની સત્તા વાપરશે અને નીચેની બાબતોમાં કાર્યો બજાવશે:-

(૧) ઇન્સ્ટીટયુટનું અને ઇન્સ્ટીટયુટના ઉદ્દેશો આગળ ધપાવવા માટે જરૂરી હોય તેવા સંશોધન, શિક્ષણ અને પ્રશિક્ષણ માટેના એવા કેન્દ્રોનું સંચાલન અને વહીવટ કરવાની;

(૨) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અને તેને સંલગ્ન ક્ષેત્રોને લગતા જ્ઞાન અને શિક્ષણની એવી શાખાઓમાં પ્રશિક્ષણ, તાલીમ અને સંશોધનની અને ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન અને તેને સંલગ્ન ક્ષેત્રોના ઉત્કર્ષ અને પ્રસાર માટેની જોગવાઇ કરવાની;

(૩) આવા શિક્ષણ, તાલીમ અને સંશોધનના આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રાપ્ત કરવાના હેતુથી, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના ક્ષેત્રમાંની નવી પધ્ધતિઓ અને ટેકનોલોજીઓમાં નવતર પ્રયોગો કરવાની;

(૪) અભ્યાસક્રમ ઠરાવવા અને વીજાણુ અને દૂરંતર શિક્ષણ સહિત શિક્ષણ પ્રથા અને પધ્ધતિ વિજ્ઞાન વિતરણમાં પરિવર્તનશીલતા માટે જોગવાઇ કરવી;

(૫) વીજાણુ પધ્ધતિથી પણ પરીક્ષાઓ યોજવી અને પદવીઓ, ડિપ્લોમા એનાયત કરવાની અથવા પ્રમાણપત્રો આપવાની અને ઇન્સ્ટીટયુટ નક્કી કરે તેવી શરતોને અધીન રહીને વ્યકિતઓને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન અથવા ઇલ્કાબ એનાયત કરવાની અને આવી કોઇ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્રો અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન અથવા ઇલ્કાબ વિનિમયોથી ઠરાવેલી રીતે પાછા ખેંચવાની અથવા રદ કરવાની;

(૬) વિનિયમોથી ઠરાવેલી રીતે માનદ પદવીઓ અથવા અન્ય વિશિષ્ટ માન એનાયત કરવાની;

(૭) પોતાના ઉદ્દેશો આગળ ધપાવવા માટે ઇન્સ્ટીટયુટના અભિપ્રાય મુજબ જરૂરી હોય તેવા, સંશોધન અને પ્રશિક્ષણ માટેના વિશિષ્ટ કેન્દ્રો, વિશેષિત અભ્યાસ કેન્દ્રો અથવા અન્ય એકમો સ્થાપવાની;

(૮) સંશોધન અને અન્ય કામગીરીના મુદ્રણ, પુનર્નિર્માણ અને પ્રકાશન માટેની જોગવાઇ કરવાની અને પ્રદર્શનો યોજવાની;

(૯) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અને તેને સંલગ્ન ક્ષેત્રોના તમામ પાસામાં સંશોધન પુરસ્કૃત કરવાની અને હાથ ધરવાની;

(૧૦) પોતાની જેવી અથવા સમાન પ્રકારના ઉદ્દેશોવાળી કોઇ શૈક્ષણિક સંસ્થાનો સહયોગ અથવા જોડાણ કરવાની, સલાહ આપવાની, સંચાલન કરવાની, નિયંત્રણ રાખવાની, તેનો વિકાસ કરવાની, નિભાવવાની અથવા વિલીનીકરણથી અથવા અન્યથા તેનો કબજો સંભાળવાની;

(૧૧) ઇન્સ્ટીટયુટના હોય તેવા જ સંપૂર્ણતઃ અથવા અંશતઃ ઉદ્દેશો ધરાવતી વિશ્વના કોઇપણ ભાગમાંની શૈક્ષણિક અથવા બીજી સંસ્થાઓ સાથે, અધ્યાપકો અને વિદ્યાર્થીઓના આદાનપ્રદાનથી અને સામાન્ય રીતે પોતપોતાના સમાન ઉદ્દેશોને સહાયભૂત થાય તે રીતે સંપર્કો વિકસાવવાની અને નિભાવવાની;

(૧૨) ઇન્સ્ટીટયુટના ઉદ્દેશો સિધ્ધ કરવા માટે, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અને સંલગ્ન ક્ષેત્રોમાં, વિશ્વના કોઇપણ ભાગમાંના અધ્યાપકો, સંશોધકો અને કાર્યક્ષેત્ર નિષ્ણાતો સાથે સંબંધો વિકસાવવાની અને નિભાવવાની;

(૧૩) ઇન્સ્ટીટયુટના ખર્ચનું નિયમન કરવાની અને ઇન્સ્ટીટયુટના નાણાનો વહીવટ કરવાની અને હિસાબો રાખવાની;

(૧૪) ઇન્સ્ટીટયુટના હેતુઓ અને ઉદ્દેશો માટે ઉદ્યોગો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનો અથવા બીજા કોઇપણ સ્ત્રોતો તરફથી બક્ષિસ, દાન, સખાવત, વસિયત તરીકે અને સ્થાવર અને જંગમ મિલકતની તબદીલીથી ફંડ મેળવવાની;

(૧૫) વિદ્યાર્થીઓના નિવાસ માટે ઓરડાઓ અને છાત્રાલયો સ્થાપવાની, તેનો નિભાવ અને સંચાલન કરવાની;

(૧૬) ઇન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓના નિવાસની દેખરેખ અને નિયંત્રણ કરવાની અને તેમની શિસ્તનું નિયમન કરવાની અને તેમના આરોગ્ય અને સામાન્ય કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉત્તેજન માટે ગોઠવણ કરવાની;

(૧૭) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ફી અને તેવા બીજા ખર્ચ નક્કી કરવાની, માગવાની અને લેવાની અથવા વસૂલ કરવાની;

(૧૮) અધ્યેતાવૃત્તિ, શિષ્યવૃત્તિ, ઈનામો, ચંદ્રકો અને બીજા પારિતોષિકો શરૂ કરવાની અને એનાયત કરવાની;

(૧૯) ઇન્સ્ટીટયુટના હેતુ માટે જરૂરી અથવા અનુકુળ હોય તેવી કોઇ જમીન અથવા ઈમારત અથવા બાંધકામ, ઇન્સ્ટીટયુટ યોગ્ય અને ઉચિત ગણે તેવી શરતે ખરીદવા અથવા પટે લેવા અથવા બક્ષિસ પેટે અથવા અન્યથા સ્વીકારવા અને આવી કોઈ ઈમારત અથવા બાંધકામ બાંધવા અથવા તેમાં ફેરફાર કરવો અને નિભાવ કરવો;

(૨૦) ઇન્સ્ટીટયુટ પોતે યોગ્ય ગણે તેવી અને પોતાના હિત, પ્રવૃત્તિઓ અને ઉદ્દેશોને સુસંગત હોય તેવી શરતોએ, પોતાની સ્થાવર કે જંગમ મિલકતો કે તેના ભાગનું વેચાણ કરવાની, વિનિમય કરવાની, પટે આપવાની અથવા અન્યથા નિકાલ કરવાની;

(૨૧) ભારત સરકારની અને અન્ય વચનચિઠ્ઠીઓ, વિનિમયપત્રો, ચેક અથવા બીજા વટાઉખત કાઢવાની અને સ્વીકારવાની, બનાવવાની અને શેરો કરવાની, વટાવવાની અને પરક્રામ્ય કરવાની;

(૨૨) જામીનખત, ગીરોખત, વચનપત્ર પર અથવા ઇન્સ્ટીટયુટની તમામ અથવા કોઈપણ મિલકત કે અસ્કયામત અથવા જામીનગીરી આધારિત અથવા જામીનગીરી વગર અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ નાણા ઉભા કરવાની અને ઉછીના લેવાની અને નાણા ઉભા કરવાને અને ભરપાઇ કરવાને અને ઉછીના લીધેલ કોઇ નાણા ભરપાઇ કરવાને લગતા તમામ ખર્ચ ઇન્સ્ટીટયુટના ફંડમાંથી ચૂકવવાની;

(૨૩) પોતે યોગ્ય ગણે તેવી જામીનગીરીઓમાં અથવા જામીનગીરી પર ઇન્સ્ટીટયુટના ફંડનું રોકાણ કરવાની અને પોતે યોગ્ય ગણે તે રીતે કોઇ રોકાણની વખતોવખત ફેરબદલી કરવાની;

(૨૪) તબદીલી, ગીરો, પટા, પરવાના, કબૂલાતને લગતા દસ્તાવેજો અને ઇન્સ્ટીટયુટને લગતી અથવા ઇન્સ્ટીટયુટના હેતુ માટે સરકારી જામીનગીરીઓ સહિત સ્થાવર અને જંગમ મિલકત સંબંધી, બીજા દસ્તાવેજ કરવાની;

(૨૫) વિનિયમોથી ઠરાવેલી રીતે ઇન્સ્ટીટયુટે આપેલા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની;

(૨૬) શૈક્ષણિક, ટેકનિકલ, વહીવટી, કારકુની અને અન્ય જગાઓ ઉભી કરવાની અને તેની પર નિમણૂક કરવાની;

(૨૭) ઇન્સ્ટીટયુટના કર્મચારીઓમાં શિસ્તનું નિયમન કરવાની અને સુદ્રઢ બનાવવાની અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા શિસ્તવિષયક પગલા માટેની જોગવાઈ કરવાની;

(૨૮) પ્રોફેસરશીપ, એસોસિયેટ પ્રોફેસરશીપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશીપ, રીડરશીપ, લેકચરરશીપની અને બીજી કોઇ પણ અધ્યાપકીય, શૈક્ષણિક અથવા સંશોધનને લગતી જગાઓ શરૂ કરવી અને તેના માટેની લાયકાતો ઠરાવવાની;

(૨૯) વ્યક્તિઓને પ્રાધ્યાપકો, સહપ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો, રીડર, લેકચરર અથવા અન્યથા, ઇન્સ્ટીટયુટના અધ્યાપકો અને સંશોધકો તરીકે નીમવાની;

(૩૦) આ અધિનિયમની અને વિનિયમોની જોગવાઇઓને અધીન રહીને, ઇન્સ્ટીટયુટના કોઈપણ અધિકારી અથવા અધિકારીમંડળ, હુકમથી, વિનિયમો કરવાની સત્તા સિવાયની તેની અથવા પોતાની સત્તા, તેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના કોઇપણ બીજા અધિકારી અથવા અધિકારીમંડળને સોંપી શકશે અને આ સત્તા એ શરતને અધીન રહેશે કે આ રીતે સોંપાયેલી સત્તા વાપરવાની આખરી જવાબદારી, તેમને આ રીતે સોંપતા અધિકારી અથવા અધિકારીમંડળમાં નિહિત થવાનું ચાલુ રહેશે;

(૩૧) ઇન્સ્ટીટયુટ પોતાના તમામ અથવા કોઇપણ ઉદ્દેશો સિધ્ધ કરવા માટે અથવા ઉદ્દેશોની વૃધ્ધિ માટે જરૂરી, સહાયક અથવા તેને આનુષંગિક ગણે તેવા બીજા તમામ કાર્યો અને કૃત્યો કરવાની.

**પ્રમુખ.** **૭.** (૧) ધીરૂભાઈ અંબાણી મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈ-ના પેટ્રન ટ્રસ્ટી, આજીવન અથવા પોતાની મરજી હોય ત્યાં સુધી ઇન્સ્ટીટયુટના પ્રમુખ તરીકે રહેશે. તે, પોતાની મરજીથી ટ્રસ્ટના બીજા કોઇપણ કાયમી ટ્રસ્ટીને ઇન્સ્ટીટયુટના પ્રમુખ તરીકે મુકરર કરી શકશે.

(૨) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, પ્રમુખને, ઇન્સ્ટીટયુટ, તેની ઈમારતો, ગ્રંથાલયો, સાધનસામગ્રી અને પધ્ધતિઓ અને પ્રક્રિયાઓ અને ઇન્સ્ટીટયુટ દ્વારા નિભાવાતી કોઇ ઇન્સ્ટીટયુટ અથવા કેન્દ્ર અને ઇન્સ્ટીટયુટ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ અથવા કરવામાં આવતી અધ્યાપન, સંશોધન અને બીજી કામગીરીનું પણ નિરીક્ષણ અથવા પુનર્વિલોકન, પોતે ફરમાવે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા કરાવવાની અને એવી જ રીતે, ઇન્સ્ટીટયુટના વહીવટ અને નાણા સાથે સંકળાયેલી કોઈ બાબતના સંબંધમાં તપાસ કરાવવાની સત્તા રહેશે.

૮. ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળો નીચે પ્રમાણે રહેશે :- ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળો.

(ક) બોર્ડ;

(ખ) એકેડેમિક કાઉન્સિલ;

(ગ) નાણા સમિતિ; અને

(ઘ) ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળો તરીકે વિનિયમોથી જાહેર કરવામાં આવે તેવા બીજા અધિકારીમંડળો.

૯. ઇન્સ્ટીટયુટના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશે :- ઇન્સ્ટીટયુટના અધિકારીઓ.

(ક) નિયામક;

(ખ) ડીન;

(ગ) એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર;

(ઘ) ઇન્સ્ટીટયુટના અધિકારી તરીકે વિનિયમોથી જાહેર કરવામાં આવે તેવી બીજી વ્યક્તિઓ.

**૧૦.** (૧) ઇન્સ્ટીટયુટનું સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશે:- સંચાલક મંડળ.

(૧) પ્રમુખ, બોર્ડના અધ્યક્ષ તરીકે રહેશે;

(૨) ટ્રસ્ટના બે પ્રતિનિધિઓ;

(૩) ઇન્સ્ટીટયુટના નિયામક;

(૪) નિયામકે વારાફરતી નિયુક્ત કરવાના, સંસ્થાના બે ડીન;

(૪-ક) સરકારના સચિવ, (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

(૨) xxx xxx xxx

**બોર્ડના અધ્યક્ષ.** **૧૧.** (૧) અધ્યક્ષ, બોર્ડની બેઠકોમાં અને ઇન્સ્ટીટયુટના પદવીદાન સમારંભના પ્રમુખસ્થાને રહેશે.

(૨) xxx xxx xxx

**બોર્ડની સત્તા અને કાર્યો.** **૧૨.** (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડ, ઇન્સ્ટીટયુટને લગતી બાબતોની સામાન્ય દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ માટે જવાબદાર ગણાશે, અને ઇન્સ્ટીટયુટની તમામ સત્તા વાપરશે અને તેને, એકેડેમિક કાઉન્સિલ અને નાણા સમિતિના કાર્યોનું પુનર્વિલોકન કરવાની સત્તા રહેશે;

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, બોર્ડને, નીચેની સત્તા અને કાર્યો રહેશેઃ-

(૧) ઇન્સ્ટીટયુટના વહીવટને લગતી નીતિ અને કામગીરી અંગેના પ્રશ્નો પર નિર્ણયો લેવાની;

(૨) ઇન્સ્ટીટયુટ ખાતે અભ્યાસક્રમો શરૂ કરવાની;

(3) xxx xxx xxx

(૪) દરેક નાણાકીય વર્ષ માટેના ઇન્સ્ટીટયુટના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પર વિચારણા કરવાની અને મંજૂર કરવાની;

(૫) ઇન્સ્ટીટયુટના નાણા અને ફંડનું રોકાણ કરવાની અને નાણા સમિતિની ભલામણો પર નિર્ણયો લેવાની;

(૬) xxx xxx xxx

(૭) ઇન્સ્ટીટયુટના અધ્યાપકો અને બીજા કર્મચારીઓની જગા ઉભી કરવાની અથવા નાબૂદ કરવાની;

(૮) xxx xxx xxx

(૯) ઇન્સ્ટીટયુટના નિયામક, ડીન, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર અથવા બીજા કોઈપણ અધિકારી, કર્મચારી અથવા અધિકારીમંડળને અથવા પોતે નીમેલ કોઈ સમિતિને પોતાની કોઈ સત્તા સોંપવાની; અને

(૧૦) આ અધિનિયમ અથવા વિનિયમોથી પોતાને મળી હોય તેવી અને ઇન્સ્ટીટયુટના ઉદ્દેશો સિધ્ધ કરવા માટેની બીજી તમામ સત્તા વાપરવાની અને પોતાની પર નાખેલ હોય તેવા બીજા કાર્યો બજાવવાની.

**એકેડેમિક કાઉન્સિલ.** **૧૪.** (૧) ઇન્સ્ટીટયુટની એકેડેમિક કાઉન્સિલ નીચે પ્રમાણેના સભ્યોની બનશે :-

(૧) ઇન્સ્ટીટયુટના નિયામક, જે હોદ્દાની રૂએ એકેડેમિક કાઉન્સિલના અધ્યક્ષ ગણાશે;

(૨) બોર્ડે નામનિયુક્ત કરવાના બે શિક્ષણ શાસ્ત્રીઓ અથવા વ્યવસાયિકો;

(૩) ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ક્ષેત્રમાંથી, નિયામકે નામનિયુક્ત કરવાના બહારના બે શિક્ષણશાસ્ત્રીઓ અથવા વ્યવસાયિકો;

(૪) નિયામકે વારાફરતી નામનિયુક્ત કરવાના, ઇન્સ્ટીટયુટના બે ડીન;

(૫) ઇન્સ્ટીટયુટની દરેક વિદ્યાશાખામાંથી, નિયામકે વારાફરતી નામનિયુક્ત કરવાનો એક પ્રાધ્યાપક; અને

(૬) એક્ઝિકયુટિવ રજિસ્ટ્રાર, જે કાઉન્સિલના બિન-સભ્ય સચિવ ગણાશે.

(૨) હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

**૧૫.** આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓને અધીન રહીને, એકેડેમિક કાઉન્સિલને,- **એકેડેમિક કાઉન્સિલની સત્તા અને કાર્યો.**

(૧) ઇન્સ્ટીટયુટની શૈક્ષણિક નીતિઓ ઉપર નિયંત્રણ રાખવાની અને સામાન્ય નિયમન કરવાની સત્તા રહેશે અને તે, ઇન્સ્ટીટયુટના પ્રશિક્ષણ, શિક્ષણ અને મૂલ્યાંકનના ધોરણો જાળવવા અને તેના સુધારા માટે જવાબદાર રહેશે;

(૨) આપસૂઝથી અથવા ઇન્સ્ટીટયુટની વિદ્યાશાખા અથવા બોર્ડે પૂછાણ માટે મોકલેલ સામાન્ય શૈક્ષણિક હિતને લગતી બાબતો પર વિચારણા કરવાની અને તેના પર યોગ્ય પગલા લેવાની સત્તા રહેશે;

(૩) વિદ્યાર્થીઓની શિસ્ત સહિત ઇન્સ્ટીટયુટની શૈક્ષણિક કામગીરીને લગતા આ અધિનિયમ સાથે સુસંગત હોય તેવા વિનિયમો અંગે બોર્ડને ભલામણ કરવાની સત્તા રહેશે; અને

(૪) xxx xxx xxx

**૧૬.** (૧) નાણા સમિતિ નીચેના સભ્યોની બનેલી હશે:- **નાણા સમિતિ.**

(૧) ઇન્સ્ટીટયુટના નિયામક જે હોદ્દાની રૂએ, સમિતિના અધ્યક્ષ ગણાશે;

(૨) xxx xxx xxx

(૩) નિયામકે વારાફરતી નામનિયુકત કરવાના ઇન્સ્ટીટયુટના એક ડીન;

(૪) અને (૫) xxx xxx xxx

(૨) xxx xxx xxx

**નાણા સમિતિની સત્તા અને કાર્યો.** **૧૭.** આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, નાણા સમિતિ નીચેની સત્તા વાપરશે અને નીચેની કામગીરી કરશે :-

(૧) ઇન્સ્ટીટયુટના વાર્ષિક હિસાબો અને વાર્ષિક બજેટ અંદાજ ચકાસવાની અને બોર્ડને તેની પર સલાહ આપવાની;

(૨) ઇન્સ્ટીટયુટની નાણાકીય સ્થિતિનું વખતોવખત પુનર્વિલોકન કરવાની;

(૩) ઇન્સ્ટીટયુટની તમામ નાણાકીય નીતિ પર વખતોવખત ભલામણો કરવાની;

(૪) થી (૮) xxx xxx xxx

**નિયામક.** **૧૮.** (ક) બોર્ડ, નીચેના સભ્યોથી બનેલી સમિતિએ વખતોવખત ભલામણ કરેલ નામોની પેનલમાંથી, નિયામકની નિમણૂક કરશે. :-

(૧) પ્રમુખે નામનિયુકત કરવાના એક નામાંકિત ટેક્નોલોજિસ્ટ;

(૨) પ્રમુખે નામનિયુક્ત કરવાના એક નામાંકિત શિક્ષણશાસ્ત્રી; અને

(૩) પ્રમુખે નામનિયુક્ત કરવાના બોર્ડના એક સભ્ય;

(ખ) xxx xxx xxx

(ગ) બોર્ડ, નિયામકના હોદ્દાની મુદત, પાંચ વર્ષથી વધુ ન હોય તેટલી નક્કી કરશે;

(ઘ) પેટા-કલમ (૧)ના ખંડો (ક) અને (ગ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમના આરંભે હોદ્દો ધરાવતા ઇન્સ્ટીટયુટના નિયામકને, પ્રથમ નિયામક તરીકે નીમેલ હોય તેમ ગણાશે.

(ચ) નિયામકનો હોદ્દો ખાલી પડે અને આ કલમના ખંડો (ક) અને (ગ) ની જોગવાઈઓ અનુસાર અનુકૂળતાથી અને સત્વરે ભરી શકાય તેમ ન હોય તો અને તેમાં કોઈ તાકીદની બાબત હોય તો પ્રમુખ, બોર્ડ સાથે વિચારવિનિમય કરીને, કોઈ યોગ્ય વ્યકિતને નિયામક તરીકે નીમી શકશે અને તે જગા, એક વર્ષથી વધુ ન હોય તેટલી મુદત સુધી વખતોવખત લંબાવી શકશે;

(છ) નિયામકના પગાર, ભથ્થાં, રજા, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ સહિત સેવાની શરતો બોર્ડ દ્વારા ઠરાવવામાં આવે તેવા રહેશે અને એવી રીતે ઠરાવવામાં ન આવે ત્યાં સુધી પ્રમુખ દ્વારા નક્કી કરવામાં આવશે.

**નિયામકની સત્તા અને ફરજો.** **૧૯.** (૧) નિયામક ઇન્સ્ટીટયુટના મુખ્ય કારોબારી અને એકેડેમિક અધિકારી ગણાશે. તે એકેડેમિક કાઉન્સિલ અને નાણા સમિતિની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે.

(૨) પેટા-કલમ (૧)માં સમાવિષ્ટ જોગવાઇની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નિયામક--

(૧) ઇન્સ્ટીટયુટના કામકાજ પર સામાન્ય દેખરેખ અને નિયંત્રણ રાખશે;

(૨) ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળોના નિર્ણયોનું અમલીકરણ સુનિશ્ચિત કરશે;

(૩) પ્રશિક્ષણ આપવાની અને ઇન્સ્ટીટયુટમાં શિસ્ત જાળવવાને લગતી કામગીરી માટે જવાબદાર ગણાશે.

(૪) આ અધિનિયમ અથવા વિનિયમો હેઠળ અથવા બોર્ડ અથવા યથાપ્રસંગ, પ્રમુખ પોતાને સોંપે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૩) જેમાં તાત્કાલિક પગલાં લેવા જરૂરી હોય તેવી કોઇ તાકીદની બાબત હોય અને આ અધિનિયમ હેઠળ તજવીજ કરવાની સત્તા આપેલ અધ્યક્ષ અથવા ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળ અથવા મંડળ દ્વારા તેની તાત્કાલિક તજવીજ કરી શકાય તેમ ન હોય તો, નિયામક, પોતે ઉચિત ગણે તેવા પગલા લઇ શકશે અને આવી બાબતની સામાન્ય ક્રમમાં તજવીજ કરી હોત તે અધ્યક્ષ અથવા ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળ અથવા મંડળને તેની તરત જ જાણ કરશે :

પરંતુ આવા કોઇ અધિકારીમંડળ અથવા બીજા મંડળનો એવો અભિપ્રાય હોય કે નિયામકે આવા પગલાં લેવા જોઇતા નહોતા, તો તે, આવી બાબત પૂછાણ માટે અધ્યક્ષને મોકલી આપશે જે, નિયામકે લીધેલ પગલાને બહાલી આપી શકશે અથવા રદ કરી શકશે અથવા પોતે યોગ્ય ગણે તે રીતે તેમાં ફેરફાર કરી શકશે અને તેમ થયે, તે અમલમાં હોતા બંધ થશે અથવા યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ તે અમલમાં રહેશે; તેમ છતાં, એવો કોઇ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી અગાઉ કરેલા કોઇપણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

(૪) નિયામકે પેટા-કલમ (૩) હેઠળની સત્તા વાપરવામાં કોઇ વ્યકિતની નિમણૂકનો સમાવેશ થતો હોય તો અધિનિયમ અને વિનિયમોની જોગવાઇ અનુસાર આવી નિમણૂક મંજૂર કરવા માટે સત્તા સોંપેલ સક્ષમ સત્તાધિકારીએ, નિયામકના હુકમની તારીખથી છ મહિનાથી મોડુ ન હોય તેટલા સમયની અંદર આવી નિમણૂકને બહાલી આપવી જોઇશે, અથવા તે નિમણૂક, નિયામકના હુકમથી તારીખથી છ મહિનાની મુદત પૂરી થયે અમલમાં હોતી બંધ થશે.

**એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર.**

**૨૦.** (૧) ઇન્સ્ટીટયુટ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી બોલીઓ અને શરતોથી એકિઝક્યુટિવ રજિસ્ટ્રારની નિમણૂક કરશે.

(૨) એકિઝક્યુટિવ રજિસ્ટ્રાર, નીચે પ્રમાણેની સત્તા વાપરશે અને ફરજો બજાવશે :-

(૧) તે, ઇન્સ્ટીટયુટના રેકર્ડ, સામાન્ય સીલ, ફંડની કસ્ટડી અને ઇન્સ્ટીટયુટની બીજી મિલકત માટે જવાબદાર ગણાશે.

(૨) તે, પોતાના કામકાજના સંચાલન માટે જરૂરી હોય તેવી તમામ માહિતી, ઇન્સ્ટીટયુટના બોર્ડ અને બીજા અધિકારીમંડળો સમક્ષ મૂકશે.

(૩) તે, પોતાના કામકાજ યોગ્ય રીતે બજાવવા માટે નિયામકને જવાબદાર ગણાશે.

(૪) તે, નિયામકના નિયંત્રણને અધીન રહીને, ઇન્સ્ટીટયુટના વહીવટ અને સેવાઓ માટે જવાબદાર ગણાશે અને પરીક્ષાઓ યોજશે અને તે માટેની જરૂરી તમામ વ્યવસ્થા કરશે અને તેને સંકળાયેલ તમામ પ્રક્રિયાની અમલબજવણી કરશે.

(૫) તે, ઇન્સ્ટીટયુટ વતી તમામ દસ્તાવેજોને પ્રમાણિત કરશે અને તેનો અમલ કરશે.

(૬) તે, આ અધિનિયમ, વિનિયમો હેઠળ તેને સોંપવામાં આવે તેવી અથવા બોર્ડ અથવા નિયામક દ્વારા તેને સોંપવામાં આવે તેવી બીજી સત્તાઓ વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

ડીન. **૨૧.** (૧) નિયામક, બોર્ડના અધ્યક્ષની મંજૂરીથી, ઇન્સ્ટીટયુટની વિદ્યાશાખામાંથી ઇન્સ્ટીટયુટના ડીનની નિમણૂક કરશે;

(૨) ડીન, ઇન્સ્ટીટયુટના શૈક્ષણિક અને અન્ય કામકાજની વ્યવસ્થામાં નિયામકને મદદ કરશે અને તેઓ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી અથવા નિયામક તેમને સોંપે તેવી બીજી સત્તાઓ વાપરશે અને તેવા બીજા કાર્યો બજાવશે.

ઇન્સ્ટીટ્યુટનું કાયમી દેણગી ફંડ. **૨૨.** ટ્રસ્ટે, ઇન્સ્ટીટયુટની કામગીરીના નિકાલ માટે પાંચ કરોડ રૂપિયાની રકમનું અથવા ઇન્સ્ટીટયુટની કામગીરીને લગતા પૂરેપૂરા ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી હોય તેટલી રકમના કાયમી દેણગી ફંડના નામે ઓળખાતા ફંડો, કેન્દ્ર અથવા રાજ્ય સરકારે બહાર પાડેલ અથવા તેણે બાંયધરી આપેલ હોય તેવી લાંબાગાળાના વ્યાજવાળી જામીનગીરીઓમાં ત્રણ વર્ષ સુધી મૂકવા જોઇશે. ટ્રસ્ટનો તેમાં સમાવેશ પૂરો થયે અને ત્રણ વર્ષ માટેનું કામગીરી ખર્ચ પૂરું કર્યા પછી, કોઇ વણવપરાયેલ સિલક હોય તો તે, ટ્રસ્ટને પરત ચૂકવવી જોઇશે.

ઇન્સ્ટીટ્યુટને ચુકવણી બાબત. **૨૩.** ટ્રસ્ટ, ઇન્સ્ટીટયુટને આ અધિનિયમ હેઠળની તેની સત્તાઓ વાપરવા અને તેના કાર્યો બજાવવા માટે પોતે જરૂરી ગણે તેટલી નાણાની રકમો અને તેવી રીતે વખતોવખત ચૂકવશે.

ઇન્સ્ટીટ્યુટના ફંડ. **૨૪.** (૧) ઇન્સ્ટીટયુટને પોતાનું ફંડ રહેશે જે નીચેનાનું બનશે :-

(૧) ટ્રસ્ટે આપેલ તમામ નાણા;

(૨) ઇન્સ્ટીટયુટને મળેલ તમામ ફી અને બીજા ચાર્જ;

(૩) અનુદાનો, લોનો, બક્ષિસો, સખાવતો, વસિયતો અથવા તબદીલીઓથી ઇન્સ્ટીટયુટને મળેલ તમામ નાણાં ;

(૪) ઇન્સ્ટીટયુટના પુરસ્કૃત હોદ્દાઓ, અધ્યેતાવૃત્તિ અને આંતરમાળખાકીય સવલતો સ્થાપવા માટે ઇન્સ્ટીટયુટ અને ઉદ્યોગ વચ્ચે કરવામાં આવેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગની જોગવાઇ અનુસાર સહયોગી ઉદ્યોગ તરફથી ઇન્સ્ટીટયુટને મળેલ તમામ નાણાં; અને

(૫) બીજા કોઇ રીતે અથવા બીજા કોઇ સ્ત્રોતમાંથી ઇન્સ્ટીટયુટને મળેલ તમામ નાણાં.

(૨) ઇન્સ્ટીટયુટના તમામ ફંડો, નાણા સમિતિની ભલામણ ઉપરથી બોર્ડ નક્કી કરે તેવી બેંકમાં અને તેવી રીતે જમા કરાવવા જોઇશે.

(૩) ઇન્સ્ટીટયુટના ફંડનો ઉપયોગ, તેણે તેની સત્તાઓ વાપરતા અને તેના કાર્યો બજાવતા વહોરેલ ખર્ચ સહિત ઇન્સ્ટીટયુટના ખર્ચ માટે કરવો જોઇશે.

**હિસાબો અને ઓડિટ.**

**૨૫.** (૧) ઇન્સ્ટીટયુટે, યોગ્ય હિસાબો રાખવા અને બીજા સંબંધિત રેકર્ડ નિભાવવા જોઇશે અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે આવક અને ખર્ચનો હિસાબ અને સરવૈયા સહિત હિસાબનું વાર્ષિક પત્રક તૈયાર કરવું જોઇશે.

(૨) ઇન્સ્ટીટયુટે આંતરિક તપાસ અને સિલકની એક યોગ્ય પધ્ધતિ અપનાવવી જોઇશે અને વિનિયમોથી ઠરાવવામાં આવે તે રીતે તેના નાણા, હિસાબ અને ઓડિટના કાર્યો બજાવવા ઉપર નિયંત્રણ રાખવું જોઇશે.

**સન ૧૯૪૯નો ૨૭મો.**

(૩) ઇન્સ્ટીટયુટના હિસાબોનું ઓડિટ, બોર્ડ નીમે તેવા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૪૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢી હોય તેવા વૈધાનિક ઓડિટર દ્વારા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર કરાવવું જોઈએ.

(૪) એવી રીતે નીમાયેલ પેઢી અથવા વ્યકિત આ અર્થે અધિકૃત કરેલી બીજી કોઇપણ વ્યકિતએ, પ્રમાણિત કર્યા મુજબના ઇન્સ્ટીટયુટના હિસાબો, તેની ઉપરના ઓડિટના અહેવાલ સાથે બોર્ડ સમક્ષ મૂકવા જોઇશે અને બોર્ડ તેના સંબંધમાં તેને યોગ્ય લાગે તેવી સૂચનાઓ ઇન્સ્ટીટયુટને આપશે અને ઇન્સ્ટીટયુટે તેવી સૂચનાઓનું પાલન કરવું જોઇશે.

(૫) હિસાબોના તમામ ચોપડાના સમવર્તી ઓડિટ સુનિશ્ચિત કરવા માટે ઇન્સ્ટીટયુટના હિસાબોનું ઓડિટ, બોર્ડે નીમેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટડ એકાઉન્ટન્ટની પેઢી હોય તેવા આંતરિક ઓડિટર દ્વારા કરાવવું જોઇશે અને પુનર્વિલોકન માટે એવા મુદતી આંતરિક ઓડિટના અહેવાલો, બોર્ડ સમક્ષ મૂકવા જોઇશે.

(૬) ઇન્સ્ટીટયુટએ, અગાઉના વર્ષ દરમિયાનની તેની પ્રવૃત્તિઓનો અહેવાલ દર વર્ષે તૈયાર કરવો જોઇશે અને વાર્ષિક અહેવાલના સ્વરૂપમાં તેને બોર્ડ સમક્ષ પુનર્વિલોકન અને મંજૂરી માટે રજૂ કરવો જોઇશે.

**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ.**

**૨૬.** (૧) ઇન્સ્ટીટયુટે, બોર્ડની મંજૂરીથી, પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓના લાભ માટે, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને વીમાની યોજનાઓ ઘડવી જોઇશે અને મંડળો, સંસ્થાઓ, ફંડોની સ્થાપના અને મદદમાં અને ઇન્સ્ટીટયુટના સ્ટાફ અને વિદ્યાર્થીઓના લાભાર્થે કરેલ દસ્તાવેજોમાં સહાય કરવી જોઇશે;

**સન ૧૯૨૫-નો ૧૯મો.**

(૨) એવી રીતે કોઇ પ્રોવિડન્ટ ફંડની રચના કરવામાં આવેલ ત્યારે પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ની જોગવાઇઓ એવા ફંડને, જાણે કે તે સરકારી પ્રોવિડન્ટ ફંડ હોય તેમ લાગુ પડશે.

જગાઓ ખાલી હોવાના કારણે કાર્યો અને કાર્યવાહીઓ અમાન્ય ઠરશે નહિ.

**૨૭.** આ અધિનિયમ હેઠળ અથવા વિનિયમોથી રચાયેલ બોર્ડ અથવા ઇન્સ્ટીટયુટના કોઇ અધિકારીમંડળ અથવા કોઇ સમિતિના કોઇ કાર્ય અથવા કાર્યવાહી સામે ઇન્સ્ટીટયુટના બોર્ડ, અધિકારીમંડળ અથવા સમિતિની કોઇ જગા ખાલી હોવાને અથવા તેની રચનામાં ખામી હોવાને કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ.

ઇન્સ્ટીટ્યુટ દ્વારા પદવીઓ, ડિપ્લોમા આપવા બાબત અને પ્રમાણપત્રો એનાયત કરવા બાબત.

**૨૮.** તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઇન્સ્ટીટયુટને, બોર્ડ મંજૂર કરે તેવી પદવીઓ, ડિપ્લોમાં અને પ્રમાણપત્રો આપવાની અને માનદ પદવીઓ અને બીજી શૈક્ષણિક વિશિષ્ટ માન અને પદવીઓ આપવાની સભાઓ રહેશે.

પત્રકો અને માહિતી.

**૨૯.** ઇન્સ્ટીટયુટે, રાજ્ય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને બીજા વૈધાનિક સત્તામંડળોને, વખતોવખત ફરમાવવામાં આવે તેવા અહેવાલો, પત્રકો, નિવેદનો અને બીજી માહિતી મોકલવી જોઇશે.

ટ્રસ્ટનું વિસર્જન થયે ઇન્સ્ટીટ્યુટના વહીવટ બાબત.

**૩૦.** ટ્રસ્ટે, પોતાના વિસર્જનના ઈરાદા અંગે છ મહિનાથી ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપવી જોઈશે. ટ્રસ્ટ તરફથી કોઇ નોટિસ મળ્યે, રાજ્ય સરકારે, ટ્રસ્ટના વિસર્જનની તારીખથી અને ઇન્સ્ટીટયુટના નિયમિત અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની છેલ્લી બેચ તેમનો અભ્યાસક્રમ પૂરો કરે ત્યાં સુધી ઇન્સ્ટીટયુટના વહીવટ માટેની ગોઠવણ કરવી જોઇશે. તેનો હવાલો લીધેલ હોય તે સમયગાળા દરમિયાન ઇન્સ્ટીટયુટના વહીવટ માટેનું ખર્ચ, ઇન્સ્ટીટયુટના કાયમી દેણગી ફંડમાંથી ભરપાઇ કરવું જોઇશે. ટ્રસ્ટનું વિસર્જન થયે, આ ફંડ કોર્પસ ફંડનાં સ્વરૂપમાં રહેશે.

રાજ્ય સરકારની સત્તા.

**૩૧.** રાજ્ય સરકારને, ઇન્સ્ટીટયુટને, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા વિનિયમો અને તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓ હેઠળ વખતોવખત જરૂરી લાગે તેવા આદેશો આપવાની સત્તાઓ રહેશે.

વિનિયમો.

**૩૨.** (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, ઇન્સ્ટીટયુટના વહીવટ અને સંચાલનને લગતી બાબતો માટે જોગવાઇ કરવા વિનિયમો કરવાની સત્તા, ઉપરાંત તેમાં તમામ બીજી સત્તા નિહિત થશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા વિનિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશે :-

(૧) બોર્ડની પ્રથમ બેઠક સિવાય, ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળોની બેઠકો બોલાવવી અને યોજવા બાબત, એવી બેઠકોના કોરમ અને કામકાજના સંચાલન બાબત;

(૨) ઇન્સ્ટીટયુટના બોર્ડના પ્રમુખે વાપરવાની સત્તા અને બજાવવાના કાર્યો બાબત;

(૩) આ અધિનિયમ હેઠળ સ્થપાયેલ ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળો, મંડળો અને બીજી સમિતિની રચના, સત્તા અને ફરજો બાબત, એવા અધિકારીમંડળોના સભ્યપદ માટેની લાયકાતો અને ગેરલાયકાતો બાબત, સભ્યપદના હોદ્દાની મુદત, તેના સભ્યોની નિમણૂક અને રૂખસદ બાબત અને તેની સાથે સંકળાયેલ બીજી બાબતો;

(૪) કામકાજના સંચાલનમાં, સત્તા વાપરવામાં અને ફરજો બજાવવામાં, આ અધિનિયમ હેઠળ અથવા વિનિયમોથી રચાયેલ બોર્ડે અને કોઇ સમિતિએ અથવા અન્ય મંડળે અનુસરવાની કાર્યરીતિ બાબત;

(૫) અભ્યાસક્રમો નક્કી કરવા (સ્થાપવા) અને વિદ્યાર્થીઓના પ્રવેશ આપવામાં અનુસરવાની કાર્યરીતિ અને માપદંડ બાબત;

(૬) ઇન્સ્ટીટયુટમાં શિસ્તનું પાલન કરાવવા માટે અનુસરવાની કાર્યરીતિ બાબત;

(૭) ઇન્સ્ટીટયુટના મિલકતોના વહીવટ બાબત;

(૮) ઇન્સ્ટીટયુટ દ્વારા આપવામાં અથવા એનાયત કરવામાં આવે એવી પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન અને ઇલ્કાબો બાબત અને આવી કોઈપણ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને બીજા શેક્ષણિક વિશિષ્ટમાન અને ઈલ્કાબો અને તેની જરૂરિયાતો બાબત;

(૯) પરીક્ષકોના હોદ્દાની મુદત અને તેમની નિમણૂક સહિત પરીક્ષાઓના સંચાલન બાબત;

(૧૦) ઇન્સ્ટીટયુટના પ્રાધ્યાપકો, સહપ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો, રીડર, વ્યાખ્યાતાની અથવા તેને સમકક્ષ શૈક્ષણિક હોદ્દા અથવા જગા, અધિકારીઓ અને કર્મચારીઓની જગા ઉભી કરવા બાબત, અને તે માટે જરૂરી લાયકાતો સહિત એવી જગાઓ ઉપર વ્યકિતઓની નિમણૂક કરવા બાબત;

(૧૧) તેણે પૂરા પાડેલ અભ્યાસક્રમો, તાલીમ, સવલતો અને સેવાઓ માટે ઇન્સ્ટીટયુટને ચૂકવવામાં આવે એવી ફી અને બીજા ચાર્જ બાબત;

(૧૨) ઇન્સ્ટીટયુટના અધિકારીઓ, શિક્ષકો અને બીજા કર્મચારીઓના લાભ માટે વીમાનો ફાળો, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ માટે અને એવી અન્ય યોજનાઓની રીત અને શરતો બાબત;

(૧૩) બીજી સંસ્થાઓ સાથેના ઇન્સ્ટીટયુટના સંગઠન માટે લાગુ પડતી બોલીઓ અને શરતો બાબત;

(૧૪) બજેટના અંદાજો તૈયાર કરવા અને હિસાબો રાખવા બાબત;

(૧૫) ઇન્સ્ટીટયુટે અથવા ઇન્સ્ટીટયુટ વતી કરેલ કરારો અથવા સમજૂતિનું પાલન કરવા બાબત;

(૧૬) ઇન્સ્ટીટયુટના અધિકારીઓ અને સ્ટાફની નિમણૂક માટે વર્ગીકરણ અને કાર્યરીતિ બાબત;

(૧૭) ઇન્સ્ટીટયુટના નિયામક, બીજા અધિકારીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સેવાની બોલીઓ, નિમણૂકોની મુદત, પગાર અને ભથ્થાં, કરારજન્ય સેવાઓ, શિસ્તના નિયમો અને બીજી શરતો બાબત;

(૧૮) ઇન્સ્ટીટયુટના અધિકારીઓ અને સ્ટાફના વહીવટી પ્રતિનિયુકિતની બોલીઓ અને શરતો બાબત;

(૧૯) ઇન્સ્ટીટયુટના નિયામક અને બીજા અધિકારીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સત્તા અને ફરજો બાબત;

(૨૦) અધ્યેતાવૃત્તિ, છાત્રવૃત્તિ, વૃત્તિકા (સ્ટાઇપેન્ડસ), ચંદ્રકો અને પારિતોષિકોનું નિયમન કરતી બોલીઓ અને શરતો બાબત;

(૨૧) બોર્ડના હુકમો અને નિર્ણયોના પ્રમાણિકરણ બાબત;

(૨૨) છાત્રાલયો અને નિવાસોના ઓરડા અને તેમાં શિસ્તવિષયક નિયમનને લગતી બાબતો;

(૨૩) આ અધિનિયમથી ઠરાવવાની હોય અથવા વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી કોઇપણ બાબત.

**આરંભ વખતે મુશ્કેલીઓ દૂર કરવા બાબત.**

**33.** ઇન્સ્ટીટયુટની સ્થાપનાના સંબંધમાં અથવા ઇન્સ્ટીટયુટના કોઇ અધિકારીમંડળની પહેલી બેઠકના સંબંધમાં અથવા અન્યથા આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓનો અમલ કરતી વખતે, કોઇ મુશ્કેલી ઉભી થાય તો, ઇન્સ્ટીટયુટના પ્રમુખ, ઇન્સ્ટીટયુટના તમામ અધિકારીમંડળોની સાથે વિચારવિનિમય કરેલ હોય તે પહેલાં કોઇપણ સમયે, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે, હુકમથી નિમણૂક કરી શકશે અથવા પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવા આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓ સાથે સુસંગત હોય તેટલે સુધી કોઇપણ કૃત્ય કરી શકશે અને આવો દરેક હુકમથી, જાણે કે આ અધિનિયમ અને વિનિયમોમાં જોગવાઇ કરેલી રીતે આવી નિમણૂક કરેલ હોય અથવા આવા પગલા લીધેલ હોય તેમ અમલમાં આવશે:

પરંતુ એવો કોઇ હુકમ કરતા પહેલાં, પ્રમુખે, નિયામક અને રચાયેલ હોય તેવા ઇન્સ્ટીટયુટના અધિકારીમંડળનો અભિપ્રાય જાણી શકશે અને તેને વિચારણામાં લઇ શકશે.

**વચગાળાની જોગવાઇઓ.**

૩૪. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં,--

(૧) નિયામક, પ્રમુખની પૂર્વમંજૂરીથી અને ફંડની ઉપલભ્યતાને અધીન રહીને આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓ અમલમાં લાવવાના હેતુ માટે, ઇન્સ્ટીટયુટના તમામ કાર્યો અથવા તેમાંના કોઇ કાર્ય બજાવી શકશે અને તે હેતુ માટે આવું કોઇ અધિકારીમંડળ આ અધિનિયમ અને વિનિયમોથી જોગવાઇ કરેલી રીતે અસ્તિત્વમાં આવે નહિ ત્યાં સુધી, આ અધિનિયમથી અથવા વિનિયમોથી જે કોઇ સત્તા અથવા ફરજો ઇન્સ્ટીટયુટના કોઇ અધિકારીમંડળે વાપરવાની હોય અથવા બજાવવાની હોય તેવી કોઇ સત્તા વાપરી શકશે અથવા કોઇપણ ફરજ બજાવી શકશે.

(૨) આ અધિનિયમની આરંભની તરત પહેલાં એવી રીતે કાર્ય કરતું ઇન્સ્ટીટયુટનું બોર્ડ, આ અધિનિયમ હેઠળ ઇન્સ્ટીટયુટ માટે બોર્ડ રચવામાં નહિ આવે ત્યાં સુધી એવી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે, પરંતુ આ અધિનિયમ હેઠળ બોર્ડની રચના થયે, એવી રચના પહેલાં, હોદ્દો ધરાવતા બોર્ડના સભ્યો હોદ્દો ધરાવતા બંધ થશે.

(૩) આ અધિનિયમની આરંભની તરત પહેલાં, એવી રીતે કાર્ય કરતી ઇન્સ્ટીટયુટની એકેડેમિક કાઉન્સિલ, ઇન્સ્ટીટયુટ માટે આ અધિનિયમ હેઠળ એકેડેમિક કાઉન્સિલની રચના કરવામાં આવે નહિ ત્યાં સુધી, એવી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે. પરંતુ આ અધિનિયમ હેઠળ એકેડેમિક કાઉન્સિલની રચના થયે, એવી રચના પહેલાં હોદ્દો ધરાવતા એકેડેમિક કાઉન્સિલના સભ્યો હોદ્દો ધરાવતા બંધ થશે.

(૪) આ અધિનિયમની આરંભની તરત પહેલાં, એવી રીતે કાર્ય કરતી ઇન્સ્ટીટયુટની નાણા સમિતિ, આ અધિનિયમ હેઠળ ઇન્સ્ટીટયુટ માટે, નાણા સમિતિ રચવામાં નહિ આવે ત્યાં સુધી એવી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે, પરંતુ આ અધિનિયમ હેઠળ નાણા સમિતિની રચના થયે, એવી રચના પહેલાં, હોદ્દો ધરાવતા નાણા સમિતિના સભ્યો હોદ્દો ધરાવતા બંધ થશે.

(૫) આ અધિનિયમ હેઠળ, ઇન્સ્ટીટયુટના પ્રથમ વિનિયમો કરવામાં આવે નહિ ત્યાં સુધી, અધિનિયમના આરંભની તરત પહેલાં, બોર્ડે માન્ય કરેલ ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના વિદ્યમાન નિયમો અને વિનિયમો, તે આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, સંસ્થાને લાગુ પડવાનું ચાલુ રહેશે.

**૩૫.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ વિનિયમો અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં, ઇન્સ્ટીટયુટના કોઇ નિયામક, અધિકારીમંડળો અથવા અધિકારીઓ અથવા અન્ય કોઇ વ્યકિત સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ અને કોઇ નુકસાની બદલ ઇન્સ્ટીટયુટ પાસેથી કંઇપણ માગી શકાશે નહિ. ક્ષતિપૂર્તિ.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૮. ]

ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦03 વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રફુલ પાનસેરીયા,

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૯મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.